ગામનું નામ : આણંદ

(૧૨)

અનુક્રમણિકા નંબર [illegible] ની નકલ

| દસ્તાવેજનો પ્રકાર | સી.સ.નં. મિલકત [illegible] | દસ્તાવેજ લખી આપનાર | દસ્તાવેજ લખી લેનાર | તારીખ સહી કર્યાની / નોંધણીની | દસ્તાવેજ નંબર |
|---|---|---|---|---|---|
| વેચાણ રૂ.૧૦૪૦૦૦/- | ૧૯૪૧ ટી.પી.સ્કીમ નં.૪ ફાઈ.પ્લોટનં.૨૫૮ પૈકી સબ પ્લોટ નં.૨ ચો.મી. ૬૦૧-૬૪ | (૧) નાનાભાઈ (૨) મોહનભાઈ (૩) ડાહ્યાભાઈ (૪) શનાભાઈ } ખોડાભાઈ ભોઈ (૫) મણીબેન તે લલ્લુભાઈ ખોડાભાઈની વિધવા મતે પોતે તથા સગીર રમેશભાઈ લલ્લુભાઈ ભોઈના વાલીતરીકે (૬) સવિતાબેન (૭) મંગળભાઈ (૮) નારણભાઈ (૯) રઈજીભાઈ } લલ્લુભાઈ ભોઈ | (૧) સુરેશચંદ્ર મથુરભાઈ પટેલ (૨) ધીરજબેન સુરેશચંદ્ર પટેલ | ૨૬/૧૦/૬૮ | ૩૬[illegible] ↓ 3649 3857 |

નકલ કરનાર } વાંચનાર } [signature]
મુકાબલ કરનાર – [signature]

ખરી નકલ

[signature]
સબ રજીસ્ટ્રાર આણંદ

શ્રી વ્રજ. દશાક ના તા. ૨૭/૧૦/૬૮ ની અરજી નં. ૨૭૪૧ થી નકલ આપી તા. ૨૯/૧૦/૬૮

[signature]
સબ-રજીસ્ટ્રાર, આણંદ.

# INDIA NON JUDICIAL

# Government of Gujarat

## Certificate of Stamp Duty

सत्यमेव जयते

| | | |
|---|---|---|
| **Certificate No.** | : | IN-GJ29806586680380O |
| Certificate Issued Date | : | 24-Oct-2016 10:59 AM |
| Account Reference | : | SHCIL (FI)/ gjshcil01/ ANAND/ GJ-AN |
| Unique Doc. Reference | : | SUBIN-GJGJSHCIL01151875854280580 |
| Purchased by | : | S Y VAHORA |
| Description of Document | : | Article 5(g-a) Agreement - Construction / Development / Sale / Transfer (Imm. Property) |
| Description | : | MOJE ANAND R S NO 1941 T P NO 4 F P NO 258 S P NO 2 TA ANAND |
| Consideration Price (Rs.) | : | 52,92,144<br>(Fifty Two Lakh Ninety Two Thousand One Hundred And Forty Four only) |
| First Party | : | ASHVINBHAI V SHAH POA OF SURESHCHANDRA C PATEL |
| Second Party | : | PARTNERS OF VETRIVEL INFRASTRUCTURE |
| Stamp Duty Paid By | : | PARTNERS OF VETRIVEL INFRASTRUCTURE |
| Stamp Duty Amount(Rs.) | : | 1,85,230<br>(One Lakh Eighty Five Thousand Two Hundred And Thirty only) |

THE SEAL OF THE SUB REGISTRAR ANAND

AND - 1
10182 / 1 / 20
2016

0003074548

Statutory Alert

AND - 1
10738 / ૨ / ૨૦
2016

## રજીસ્ટર્ડ ડેવલોપમેન્ટ કરાર

આજરોજ તારીખઃ ૨૧/૧૦/૨૦૧૬ ના રોજ જમીન મિલકત વિકાસ કરવા અંગેનો ડેવલોપમેન્ટ કરાર લખી આપનારાઓ એક તરફવાળાઃ- **(૧) સુરેશચંદ્ર ચતુરભાઇ પટેલ**, ઉવ.આ.૭૦, ધંધો-નિવૃત્ત, **(૨) ધીરજબેન સુરેશચંદ્ર પટેલ**, ઉવ.આ.૬૮, ધંધો-ઘરકામ, બંને રહે. મુ.પો. કરમસદ, ઠે. બી/૭૦૨, સફલ હાઇટસ, ગુજરાત મશીનરી સામે, તા.જી.આણંદના તે બંને ના કુલ મુખત્યાર તરીકે...

(૧) અશ્વિનભાઇ વાડીલાલ શાહ, ઉવ.આ.૫૮, ધંધો-વેપાર, રહે. મુ.પો. વલ્લભ વિદ્યાનગર, ઠે. ૩૦૩, મેરુ શિખર એપાર્ટમેન્ટ, નાના બજાર, તા.જી.આણંદના.

(૨) ભારદ્વાજ રાજેન્દ્રપ્રસાદ પટેલ, ઉવ.આ.૩૫, ધંધો-વેપાર, રહે. શુભ, સફલ બંગલોઝ, રાધાસ્વામી પુજન પાછળ, એચ.એમ.પટેલ માર્ગ, મુ.પો. આણંદ, તા.જી.આણંદના.

(જેમને હવે પછી સદર ડેવલોપમેન્ટ કરારમાં લખી આપનારાઓ એક તરફવાળા એ રીતે સંબોધવામાં આવશે. જે શબ્દના અર્થમાં લખી આપનારાઓ એક તરફવાળા પોતે જાતે તથા તેમના વંશ, વાલી, વારસો, સકસેશર્સ, એસાઇનીસ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, કુલ મુખત્યાર, વહીવટકર્તા ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

..૨..ઉપર

AND - 1
ડીપેર / ૩ / ૨૦
૨૦૧૬

તે જોગ, સદર ડેવલોપમેન્ટ કરાર લખાવી લેનાર બીજી તરફવાળાઃ- **વેટ્રીવલ ઇન્ફ્રાસ્ટ્રકચરના ભાગીદારો ...**

(૧) **અશ્વિનભાઇ વાડીલાલ શાહ,** ઉવ.આ.૫૮, ધંધો-વેપાર,

(૨) **પન્નાબેન અશ્વિનભાઇ શાહ,** ઉવ.આ.૫૫, ધંધો-વેપાર,

(૩) **ભાવિક અશ્વિનભાઇ શાહ,** ઉવ.આ.૨૯, ધંધો-વેપાર,

(૪) **રિધ્ધીશ અશ્વિનભાઇ શાહ,** ઉવ.આ.૨૮, ધંધો-વેપાર,

(૫) **મેઘા ભાવિક શાહ,** ઉવ.આ.૨૯, ધંધો-વેપાર,

(૬) **ધારા રિધ્ધીશ શાહ,** ઉવ.આ.૨૮, ધંધો-વેપાર,

તમામ રહે. મુ.પો. વલ્લભ વિદ્યાનગર, ઠે. ૩૦૩, મેરુ શિખર એપાર્ટમેન્ટ, નાના બજાર, તા.જી.આણંદ.

(જેમને હવે સદર ડેવલોપમેન્ટના કરાર લખાવી લેનારાઓ બીજી તરફવાળા એ રીતે સંબોધવામાં આવશે જે શબ્દના અર્થમાં લખાવી લેનારાઓ બીજી તરફવાળા પોતે જાતે તથા તેમના વંશ, વાલી, વારસો, ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

સદર ડેવલોપમેન્ટ કરાર અમો લખી આપનારાઓ એક તરફવાળા (જમીન માલીક) તમો લખાવી લેનારાઓ બીજી તરફવાળાને અમારી રાજીખુશીથી લખી આપીએ છીએ કે :-

સદર નીચે પરિશિષ્ટમાં વિગતે વર્ણનવાળી જમીન મિલકત કે જેના અમો લખી આપનારાઓ એક તરફવાળાની માલિકી કબજા ભોગવટાની છે જે રેવન્યુ રેકર્ડમાં અમો એક તરફવાળાઓના સંયુકત નામે ચાલે છે, જેથી અમોને અમારા હિત લાભમાં વિકાસ કરી વેચાણ કરી કરાવી આપવા માટે લખી આપવાનો સંપૂર્ણ હકક અને અધિકાર હોય સદર જમીન અમારી રાજીખુશીથી તમો બીજી તરફવાળાઓને વિકાસ કરી વેચાણ કરી કરાવી આપવાનું નકકી કરી સદર લેખ લખી આપેલ છે.

સદર વર્ણનવાળી જમીન મિલકત કે જેનું વિગતે વર્ણન નીચે પરિશિષ્ટમાં કરવામાં આવેલ છે, તે અમો લખી આપનારાઓની સંયુકત માલિકી અને કબજા ભોગવટાવાળી જમીન મિલકત અમો લખી આપનાર એક તરફવાળાએ અમારા હિત લાભમાં તે જમીનનો વિકાસ કરી અમારા વતી વેચાણ કરાવી આપવાનું નકકી કરી તમો લખી લેનાર બીજી તરફવાળાને નીચેની શરતોને આધિન રહી તે શરતોસહ સદર ડેવલોપમેન્ટનો કરાર અમો લખી આપનારાઓ એક તરફવાળાએ અમારી રાજીખુશીથી લખી આપેલ છે.

..૩..ઉપર

ARD - 1
10762/ 41 / 20
2016

॥ ૩ ॥

શરતો :-

(૧) સદર ડેવલોપમેન્ટના કરાર હેઠળ નીચે પરિશિષ્ટમાં વિગતે વર્ણનવાળી જમીન મિલકત વિકાસ કરવા, નકશા મંજુર કરાવવા જેવી મેળવવી પડતી તમામ પરવાનગીઓ તમો એક તરફવાળાના ૫૦ ટકા ખર્ચે તથા બીજી તરફવાળાના ૫૦ ટકા ખર્ચે મેળવવાની છે તથા તે અંગે જરુરી તમામ સરકારી અર્ધસરકારી લેન્ડ રેવન્યુ માપણી ફી વિગેરે તમામની ભરપાઇ તમો એક તરફવાળાએ કરવાની છે જે અંગે અમો જરુરી તમામ સહીઓ સંમતી કરી આપી જરુરી તમામ સાથ સહકાર અમો આપીશું.

(૨) સદર ડેવલોપમેન્ટના કરાર હેઠળની નીચે પરિશિષ્ટમાં વિગતે વર્ણનવાળી જમીનમાં અમો એક તરફવાળાઓ વતી જમીન વિકાસ યોજનાનું આયોજન કરી તે યોજનાની જાહેરાત કરવા બુકિંગ ઓફીસ બનાવવા તેમજ આ કરારના આધારે સભાસદો નોંધવા તેઓ સાથે વેચાણ કિંમત નકકી કરી યુનિટસ ફાળવવા તેઓ પાસેથી અમારી જમીનની વેચાણ કિંમત સહ તથા તમોએ કરેલ વિકાસ ચાર્જીસ સહ કરેલ બાંધકામ સહના નાણાં મેળવી તે કુલ વેચાણ અવેજની પાવતીઓ આપવા વિગેરે તમામ હકકો તમો બીજી તરફવાળાઓ પાસેજ અબાધીત રહેશે. અમો એક તરફવાળાઓ તમો બીજી તરફવાળાએ સભાસદોને ફાળવેલ તથા વેચાણ આપવા નકકી કરેલ યુનિટના વેચાણ અંગે જરુરી બાનાખત કરારો, દસ્તાવેજ, જેવા જરુરી તમામ લખાણો કરારો, વિગેરે અમો એક તરફવાળાઓ તમો લખાવી લેનાર બીજી તરફવાળાની સુચના તથા જણાવ્યા મુજબ વેચાણ અવેજ મળ્યાના પ્રમાણમાં લખી આપી સબ રજીસ્ટ્રારશ્રીની સમક્ષ નોંધી આપીશું અને જરુર પડે ત્યારે તમામ સાથ સહકાર આપીશું.

(૩) સદર ડેવલોપમેન્ટના કરાર હેઠળની નીચે પરિશિષ્ટમાં વિગતે વર્ણનવાળી જમીન મિલકતમાં અમો એક તરફવાળાઓની જમીનમાં થનાર યોજનાના નોંધાયેલ સભાસદો સાથે નકકી થયેલ જમીન તથા કરેલ બાંધકામ સહની કિંમત પ્રમાણે વેચાણ કરારો, લખાણો, દસ્તાવેજો, મુજબ જે જે રકમો આવે તે તમામ તમો લખી લેનાર બીજી તરફવાળાએ લેવાની છે અને તમોએ સભાસદોને લખી આપેલ જમીન તથા કરેલ બાંધકામ સહના વેચાણ કરારો મુજબ જે જે રકમો આવે તે તમામ રકમો પૈકી એક તરફવાળાને જમીનની રકમ ચુકવવાની છે એજ પ્રમાણે બીજી તરફવાળાએ બાંધકામની રકમ લેવાની છે. આપણી વચ્ચે થયેલ સમજુતી મુજબ ન વર્તે તો તેવા પ્રસંગે તે વેચાણ કરારોનો અંત આણવા અને તેઓને યોજનામાંથી છુટા કરવા તેના બદલે નવીન સભાસદો લેવા વિગેરે તમામ હકકો તેમજ તમામ જવાબદારીઓ તમો લખાવી લેનાર બીજી તરફવાળાની છે અને તે અંગે જરુર પડે તમામ સાથ સહકાર આપીશું.

..૪..ઉપર

AND - 1
10782 5 / 20
2016



(૪) સદર ડેવલોપમેન્ટનાં કરાર હેઠળની નીચે પરિશિષ્ટમાં વિગતે વર્ણનવાળી અમો એક તરફવાળાઓની જમીન મિલકતમાં તમો લખાવી લેનાર દ્વારા થકી થનાર યોજનાના બાંધકામ માટે જરુર પડે અમો લખી આપનારાઓના નામે નકશા અને રજાચિઠ્ઠી મંજુર કરવા કરાવવા આર્કિટેકટની નિમણુંકત કરવા અને તે અન્વયે બાંધકામની ડિઝાઇન બનાવવા, પ્લાન બનાવવા, કોન્ટ્રાકટરોની, કડીયાઓની, નિમણુક તમો બીજી તરફવાળાઓએ કરવાની છે, અને તેઓની ખર્ચ નુકશાની સહની તમામ જવાબદારી તમો બીજી તરફવાળાની રહેશે તથા સદર જમીન મિલકતમાં બાંધકામ તમો બીજી તરફવાળા કરી કરાવી શકશો. અમો આજરોજ લખી આપનારાઓ કોઇપણ જાતના દાબ દબાણ વગર સ્વેચ્છાએ અમારી રાજીખુશીથી કાયમના માટે તમો ડેવલોપર્સ બીજી તરફવાળાએ કાયમી સુમત કરેલો છે અને જેમાં તમામ દ્વારા થનાર બાંધકામ સહના કાયમી કબજા ભોગવટા અંગે અમો લખી આપનારાઓ કોઇપણ તકરાર કે દાવો કરીશું નહી તેવી સ્પષ્ટતા સાથે સદર ડેવલોપમેન્ટનો કરાર લખી આપેલ છે. પરંતુ સરકારશ્રીના નીતી નિયમો મુજબ મીલકતને યોગ્ય અને જરુરી માલ-સામાન વાપરી બાંધકામ કરવાની જવાબદારી બીજી તરફવાળાની રહેશે.

(૫) સદર ડેવલોપમેન્ટના કરાર હેઠળની નીચે પરિશિષ્ટમાં વિગતે વર્ણનવાળી મિલકતનું તમારી જરુરીયાત મુજબનું ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવવા જરુરી તમામ દસ્તાવેજો તેમજ માહિતી અમો લખી આપનાર પુરી પાડીશું અને કાઇ વાંધો હરકત, અડચણ, ઉત્પન્ન થાય તો તે અમો દુર કરી કરાવી આપીશું.

SEAL OF THE ... REGISTRAR

(૬) સદર ડેવલોપમેન્ટના કરાર હેઠળની નીચે પરિશિષ્ટમાં વિગતે વર્ણનવાળી મિલકતમાં પ્લાન નકશા સક્ષમ અધિકારી દ્વારા મંજુર થયા બાદ તેમાં પાડેલા (ફલેટો) યુનિટ મુજબ તમો બીજી તરફવાળાની સુચનાથી કહો તે નામે એક અગર વધારે ટુકડાઓથી (ફ્લેટ) યુનિટનો વેચાણ દસ્તાવેજ તથા વેચાણ બાનાખત કરી આપવા અમો એક તરફવાળાઓ બંધાયેલા છીએ પરંતુ તે વેચાણ અવેજની રકમ પેરા-૩ માં દર્શાવ્યા મુજબ અમારા વતી બીજી તરફવાળાએ લેવાની રહેશે. ત્યારબાદ બીજી તરફવાળા જે તે સભાસદો સાથે બાંધકામ કરે, કરાર કરે તેમાં અમો સંમતી આપનાર પક્ષકાર તરીકે સામેલ થઇ કરેલ વિકાસ ચાર્જસહનો બાંધકામનો અવેજ સ્વીકાર્યા બાદ જ યુનિટનો પ્રત્યક્ષ કબજો જે તે વેચાણ રાખનારને સોંપવાનો રહેશે. પરંતુ એક તરફવાળાની યુનિટ ખરીદ કરનાર સભાસદોને યુનિટના બાંધકામના અંગેના કોઇપણ પ્રકારના પ્રશ્નો બાબતે જવાબદારી રહેશે નહી તેની જવાબદારી બીજા પક્ષવાળાની રહેશે.

..૫..ઉપર

AND - 1
10782 / 6 / 20
2016



(૭) સદર ડેવલોપમેન્ટના કરાર હેઠળની નીચે પરિશિષ્ટમાં વિગતે વર્ણનવાળી જમીનમાં બાંધકામ અર્થે મેળવેલ મંજુરીઓ મુજબ મળેલ યુનીટસ પ્રમાણે અથવા તો તમારી જરુરીયાત મુજબ જમીનના વેચાણ બાનાખતો, દસ્તાવેજો, લેખો લખાણો સમયે સ્ટેમ્પ, નોંધણી ફી, લખાઇ ફી વિગેરેનો તમામ ખર્ચ તેમજ એ સમયે પ્રવર્તમાન સ્ટેમ્પ એકટના કાયદા મુજબ ભરવા પાત્ર સ્ટેમ્પ ડયુટીની રકમ દંડ વિગેરેની રકમ જે તે વેચાણ દસ્તાવેજ લખાવી લેનારે ભરવાની છે તથા સદર નીચે પરિશિષ્ટમાં વિગતે વર્ણનવાળી જમીન ઉપર ભરવાપાત્ર થતા સરકારી અર્ધસરકારી કરવેરાઓ વિગેરે મળવા પાત્ર જે તે યુનિટસ વેચાણ અપાયા બાદના જે તે વેચાણ રાખનારે ભરવાના છે.

(૮) સદર ડેવલોપમેન્ટના કરાર હેઠળની જમીન મિલકતના વેચાણ ઉપર ભરવા પાત્ર ઈન્કમટેક્ષ તથા વેરાઓ વિગેરે અમો લખી આપનારાઓ એક તરફવાળાને ૪૦ ટકા ભરવાના છે અને બીજી તરફવાળાએ ૬૦ ટકા ભરવાના છે, અને તમોએ કરેલ બાંધકામની કિંમત ઉપર ભરવા પાત્ર ઈન્કમટેક્ષ વેરાઓ વગેરે તમો બીજી તરફવાળાએ ભરવાના છે.

(૯) સદર ડેવલોપમેન્ટ કરાર હેઠળની નીચે પરિશિષ્ટમાં વિગતે વર્ણનવાળી અમો એક તરફવાળાઓની માલીકીવાળી જમીન મિલકત તમોને આ કરારથી વિકાસ કરી વેચાણ કરવાના હકકો સાથે આપેલ હોય તે સદર મિલકતમાં અમારા કુટુંબના તમામ વાલિ વારસદારોનું હિત સમય હોય તેઓની જાણમાં તથા તેઓના હિતમાં અમોએ આ વ્યવહારો કરેલ હોય તેઓ તમામને અને અમોને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

(૧૦) સદર નીચે પરિશિષ્ટમાં વિગતે વર્ણનવાળી મિલકત અમો લખી આપનારાઓ એક પક્ષવાળાઓ જમીન માલીકની માલીકી અને કબજા ભોગવટાની છે અને તેમાં અમો લખી આપનારાઓ સિવાય બીજા કોઇનો કોઇપણ જાતનો ભાગ, લાગ, હકક, હિત કે સંબંધ નથી કે તે ઉપર કોઇનો કોઇ પણ જાતનો ખોરાકી પોષાકી કે રહેણાંકનો હકક પોષાતો નથી, તે અન્ય કોઇને વ્યકિત પેઢી કે સંસ્થાને ગીરો, વેચાણ, બક્ષીસ, બાનાખત, યા અન્ય કોઇપણ જાતના લખાણથી લખી આપેલ નથી તે કોઇએ ટાંચમાં લીધી નથી.

(૧૧) સદર નીચે પરિશિષ્ટમાં વિગતે વર્ણનવાળી જમીનના ટાઇટલ ચોખ્ખા અને કલીયર માર્કેટેબલ છે અને તે વિકાસ કરવા તેમજ વેચાણ કરી કરાવી આપવા તમોને લખી આપવાનો અમોને હકક અને અધિકાર છે તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપીને સદર કરાર અમોએ લખી આપેલ છે.

..૬..ઉપર

AND - 1
10752 / 7 / 20
2016

॥ ૬ ॥

## કરાર હેઠળની મિલકતનું વર્ણન

મોજે ગામ આણંદ, તા.જી. આણંદના રે.સર્વે નં. ૧૯૪૧, ટી.પી.સ્કીમ નં. ૪ ફાઇનલ પ્લોટ નં.૨૫૮ પૈકી **સબ પ્લોટ નં. ૨ જેનું કુલ ક્ષેત્રફળ ૮૦૧.૮૪ ચો.મી.** વાળી બીનખેતીલાયક જમીનમાં **શતક રેસીડેન્સી** ના નામથી રહેણાંકના ફલેટો બાંધવાનું આયોજન કરેલ છે.

સદર ડેવલોપમેન્ટ કરાર અમો લખી આપનારાઓ યાને એક તરફવાળાઓએ વાંચી સમજી વાકેફ થઇ અકકલ હોંશીયારીથી કોઇપણ જાતના દાબ, દબાણ વગર બીનકેફ હાલતમાં અમારી રાજીખુશીથી દિલના સાવધપણે અમારી જમીન મિલકત વિકાસ કરી વેચાણ કરી કરાવી આપવા માટે લખી આપેલ છે જે અમો જમીન માલીકોને તથા અમારા વંશ વાલી વારસોને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે જેના સાક્ષી પુરાવા રૂપે નીચે અમોએ અમારી પોતાની સહી કરી આપેલ છે.

**અત્રે.** મતુ **અત્રે.** **શાખ**

(૧) સુરેશચંદ્ર ચતુરભાઇ પટેલ
(૨) ધીરજબેન સુરેશચંદ્ર પટેલ
બંનેના **કુલ મુખત્યાર તરીકે,**

(૧) ______________
(અશ્વિનભાઇ વાડીલાલ શાહ)

(૨) B. R. Patel
(ભારદ્વાજ રાજેન્દ્રપ્રસાદ પટેલ)

### એનેક્ષચર

ડેવલોપમેન્ટ કરાર લખી આપનારઃ- ફોટોગ્રાફ અંગુઠાનું નિશાન
(એક તરફવાળા)
(૧) સુરેશચંદ્ર ચતુરભાઇ પટેલ
(૨) ધીરજબેન સુરેશચંદ્ર પટેલ
બંનેના **કુલ મુખત્યાર તરીકે,**

(૧) ______________
(અશ્વિનભાઇ વાડીલાલ શાહ)

(૨) B. R. Patel
(ભારદ્વાજ રાજેન્દ્રપ્રસાદ પટેલ)

..છ..ઉપર

AND - 1
10782/ 5/ 20
2016



ડેવલોપમેન્ટ કરાર લખાવી લેનારઃ-
(બીજી તરફવાળા)
વેટ્રીવલ ઈન્ફ્રાસ્ટ્રકચરના ભાગીદારો

(૧) ____________
(અશ્વિનભાઈ વાડીલાલ શાહ)

(૨) ____________
(પદ્માબેન અશ્વિનભાઈ શાહ)

(૩) ____________
(ભાવિક અશ્વિનભાઈ શાહ)

SEAL OF THE SUB REGISTRAR ANAND

(૪) ____________
(રિધ્ધીશ અશ્વિનભાઈ શાહ)

(૫) ____________
(મેઘા ભાવિક શાહ)

(૬) ____________
(ધારા રિધ્ધીશ શાહ)

Vetrivel
INFRASTRUCTURE

01/09/2017

Shatak Residency R.S.No **1941 ,** TP **4 ,** F.Plot **258 ,** Sub Plot **2 ,anand Type A**

**Longitude : 22.5415620**

**Latitude: 72.9715060**

Site :
Shatak Residency
Opp. Radhika Park, Nr. IRMA Gate, T.P: 4,
Anand - 388001.

+91- 99251 – 62889
+91- 99251 - 66889

vetrivelinfrastructure@gmail.com